

શાળા-કૉલેજ બંધનો તમે વિરોધ ન કરો. કાલે સવારે અમે ગૂમ થઈશું તો તમને ઉપયોગી થશે !!

ગાંધીનગરમાં બંધને સજ્જડ પ્રતિસાદ તમામ શાળા-કૉલેજો સંપૂર્ણ બંધ રહી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં શાળા-કૉલેજ બંધને આજે સજ્જડ પ્રતિસાદ મળ્યો હતો અને તમામ શાળા-કૉલેજો સંપૂર્ણ બંધ રહી હતી. ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસના પ્રમુખ જયદીપસિંહ ઠાકોર અને એનએસયુઆઈ પ્રદેશ મહામંત્રી અંકિત બારોટે આ માહિતી આપતાં જણાવ્યું છે કે ગુજરાત રાજ્યમાં છેલ્લાં ચાર વર્ષમાં ૧૬ હજારથી વધુ બાળકો ગૂમ થવાની ઘટના બની છે. સરકારે પણ વિધાનસભામાં બાળકો ગૂમ થયાની વાતને સ્વીકારી છે. આ બાબતના વિરોધમાં આજે ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસ તથા ગાંધીનગર એનએસયુઆઈ દ્વારા ગાંધીનગરની શાળા-કૉલેજો માટે બંધનું એલાન આપવામાં આવ્યું હતું, જેના સમર્થનમાં ગાંધીનગરમાં વહેલી સવારથી જ તમામ શાળા-કૉલેજોદ્વારા સંપૂર્ણ બંધ પાળવામાં આવ્યો હતો. ત્યારબાદ ગાંધીનગર કોંગ્રેસ ઓફિસમાં ૩૦૦ યુવાનોને ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના મહાસચિવ વિકાસ ઉપાધ્યાય અને યુથ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. એ પછી કોંગ્રેસ ઓફિસેથી બસ્સો મોટરસાઈકલ લઈ યુવાનો દ્વારા સમગ્ર શહેરમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સેક્ટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળનો શપથવિધિ સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. પ્રતિનિધિ સભ્યોએ પોતાને ફાળે આવતી કામગીરી અને ફરજોને વિશ્વાસપૂર્ણ અને ઈમાનદારી સાથે બજાવવાના શપથ લીધા હતા.

શાળાના મેનેજર સિસ્ટર મારિયા શાન્તી તથા પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાની ઉપસ્થિતિમાં વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. શાળાના વિદ્યાર્થી પ્રતિનિધિ ઋતુ ભટ્ટ સહિત યશ મહેતા, સંકલ્પ ગૌડ, શ્રીયુસિંઘ રાવત, દિપાલી ઢીંગરા, ભવ્યશ્રી પરમાર, ઋત્વી બ્રહ્મભટ્ટ, કેતુલ સુરતી, દિશી દવે અને મહર્ષિ રાવલે શપથ લીધા હતા. વિવિધ સ્કવોર્ડના કેપ્ટનો સર્વશ્રી જૈનીશ પટેલ, અંકિતા સહલ, કર્ણ શ્રીમાળી, આર્યા પંડિત, કેતા દેસાઈ, સલોની શાહ, રજની ગામિત તથા ચૈતન્ય સપોવાડિયાએ પણ શપથ લઈ પોતાની ફરજો પાળવાની ઉત્સુકતા દર્શાવી હતી.

સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યાના માર્ગદર્શન હેઠળ અમિતભાઈ અને દિમીબેને સફળ રીતે સંપન્ન કર્યો હતો. શાળા પરિવારે વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળના સભ્યોને આશીર્વચન સહિત શુભેચ્છા પાછવી હતી.

વી ઈલેવન પરિવાર આજે તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

ગાંધીનગર તા. ૭

વી ઈલેવન પરિવાર ગાંધીનગર દ્વારા તા. ૮ જુલાઈના રોજ બપોરે ૩.૦૦ કલાકે તેજસ્વી તારલાઓને સન્માનનો કાર્યક્રમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે રાખવામાં આવેલ છે. સંબંધિત પરિવારો હાજર રહેવા મહામંત્રી એચ.જે. રાઠોડે જણાવેલ છે.

ગાંધીનગર હાઈસ્કૂલ કોબા ખાતે વક્તૃતત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર તા. ૭

શ્રી જી.ડી.એમ. એચ.એન.જે. કોબાવાળા હાઈસ્કુલ કોબા ખાતે કેરીયર કોર્નર અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માધ્યમિક વિભાગ માટે 'મને શું થવું ગમે' અને ઉચ્ચત્તર વિભાગ માટે 'મારી પસંદગીનો વ્યવસાય' અને ઈન્ટરનેટના લાભાલાભ જેવા વિષયો રાખવામાં આવ્યા હતા. માધ્યમિક વિભાગમાંથી રાહુલ ઉચ્ચતર વિભાગમાં સુથાર નિધિ, ધોરણ-૧૨માં કિન્નરી પટેલ વિજેતા થયા હતા. કારકિર્દી શિક્ષક શ્રીમતી મંજુલાબેન પટેલે આયોજન કરેલ હતું. આચાર્યશ્રીએ સ્પર્ધકો અને વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

સમસ્ત બ્રહ્મ સમાજની મહિલા પાંખ દ્વારા વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા ગૌરીવ્રત અને જયા પાર્વતી વ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેંદી સ્પર્ધા, હેર સ્ટાઈલ અને વેશભૂષા સ્પર્ધામાં બ્રહ્મ બહેનોએ રસપૂર્વક ભાગ લઈને કાર્યક્રમ દીપાવ્યો હતો.

મહેંદી સ્પર્ધામાં પ્રથમ નંબરે ધ્વનિબેન, બીજા નંબરે પલકબેન, ત્રીજા નંબરે ચક્ષુબેન અને આશ્વાસન ઈનામ અવનીબેનને આપવામાં આવ્યું હતું. હેર સ્ટાઈલ સ્પર્ધામાં દિક્ષિત મહેશ્વરીનો પ્રથમ અને અદિતી ત્રિવેદીનો દ્વિતીય નંબર આવ્યો હતો તથા વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ નંબર અભિષેકનો, બીજો નંબર કાવ્યાનો અને ત્રીજો નંબર મિરલનો આવ્યો હતો. આશ્વાસન ઈનામ હર્ષને આપવામાં આવ્યું હતું.

ગૌરી વ્રત અને જયા પાર્વતી વ્રત નિમિત્તે યોજાયેલી મહેંદી, વેશભૂષા અને હેરસ્ટાઈલ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. ભારતીબેન રાવલ, અતિથિ વિશેષ તરીકે ભારતીબેન શુકલ, ભૂતપૂર્વ પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, સમસ્ત બ્રહ્મ સમાજના મહામંત્રી નરેશભાઈ દવે વગેરે ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયક તરીકે યોગીતાબેન પંડયા, દિમીબેન મહેતા, દેવાંશીબેન ઠાકર, જહાનવીબેને સેવા આપી હતી.

આ પ્રસંગે ડૉ. ભારતીબેન રાવલે ગૌરીવ્રતનું મહાત્મ્ય અને વર્તમાન સંજોગોમાં તેમાંથી મળતો બોધપાઠ સમજાવ્યો હતો. સ્વાગત પ્રવચન ઉપપ્રમુખ આશાબેન ભટ્ટે અને કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન ખેતીયાએ કર્યું હતું. સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખના પ્રમુખ પ્રતિભાબેન દવે અને કારોબારી સભ્યોએ સમગ્ર કાર્યક્રમને ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

રવિવારની રમૂજ

ગાઈડ : આ હલ્દીઘાટીનું મૈદાન છે, અહીં મહારાણા પ્રતાપે અકબરને હરાવેલો. આ ચિત્તોડનો કિલ્લો છે, જ્યાં હુમાયુ હાર્યો હતો. આમેરના આ કિલ્લા પર કર્ણદેવસિંહે બાબરને હરાવીને વિજય પ્રાપ્ત કર્યો હતો.

પ્રવાસી : તો તમે એમ કહેવા માગો છો કે અહીં મોગલ બાદશાહો ક્યારેય કોઈ લડાઈ નહોતા જીત્યા ?

ગાઈડ : હા, અને જ્યાં સુધી હું અહીં ગાઈડ છું ત્યાં સુધી જીતશે પણ નહીં.

• • • • •

શિક્ષક : હું તને બે રૂપિયામાં એક દાડમ આપું તો પાંચ દાડમના તારે મને કેટલા રૂપિયા આપવાના થાય ?

મનીયો : પાંચ રૂપિયા.

શિક્ષક : ખોટું.

મનીયો : પાંચ રૂપિયામાં આપવા હોય તો આપો, નહીંતર તમારી મરજી.

• • • • •

બાપુ ધ્રાંગધ્રામાં એક જાહેર સભા સંબોધતા હતા. ત્યાં એમના પીએનો ફોન આવ્યો, 'એક અંગ્રેજ આપને મળવા માગે છે.' બાપુએ કહ્યું, 'અહીં ધ્રાંગધ્રા મોકલી દે.'

અર્ધી મિનીટ બાદ ફરીથી પીએનો ફોન આવ્યો, 'બાપુ, આ ધોળિયો તો ધ્રાંગધ્રાનો સ્પેલિંગ પૂછે છે.'

બાપુ બોલ્યા, 'એક કામ કર. સાંજે સાડા છએ કોંગ્રેસી ડેલીગેટ્સ સાથે મારી મિટીંગ બોટાદમાં છે, ત્યાં મોકલી દે.'

• • • • •

પત્ની : કાલની મૅચનો કેટલો સ્કોર થયો ?

પતિ : સચીન - ૨૫, ગંભીર -૧૦, ધોની-૩૫, સહેવાગ-૫૦, હરભજન-૫, જુમલો - ૧૨૫.

પત્ની : જોયું ? જોયું ? હું નહોતી કે'તી નવાને ચાન્સ આપો, નવાને ચાન્સ આપો. કરી ગયોને જુમલો ૧૨૫ ?

• • • • •

કોઈ માણસને સસ્પેન્સમાં રાખવો હોય તો શું કરવું જોઈએ ?

'એ હું તમને આવતીકાલે કહીશ.'

• • • • •

વિજ્ઞાનના પેપરમાં ટપ્પુ, પપ્પુ અને મનીયો ત્રણેય જણા પેપર પૂરું થવાના સમયે વર્ગમાં દાખલ થયા. મનીયો બોલ્યો, 'સાહેબ અમે ત્રણેય જણા જે બસમાં આવતા'તા એ બસના ટાયરમાં પંક્ચર પડ્યું'તું અને ડ્રાઈવરને ટાયર બદલવામાં મોડું થતાં અમે પણ શાળામાં મોડા પડ્યા.'

શિક્ષકે કહ્યું, 'વાંધો નહીં, આવતીકાલે આ જ સમયે પરીક્ષા આપવા આવી જજો.'

બીજા દિવસે ત્રણેય જણને અલગ અલગ રૂમમાં બેસાડી શિક્ષકે તે ત્રણેય જણાને પ્રશ્નપત્ર આપ્યું. પ્રશ્નપત્રમાં ૫૦ માર્ક્સનો એક જ પ્રશ્ન હતો, 'કયું ટાયર ?'

- સંકલન : એસ કે પરમાર

બોરીજની મહર્ષિ ગુરૂકુળમાં પાણી, ગટર અને રસ્તાની પરેશાની

સ્કૂલની આસપાસ ગટરોનાં ઢાંકણા પણ નથી

ચોમાસાની સિઝન હોવાથી અહીંયા પાણી ભરાય છે

ગાંધીનગર તા. ૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા બોરીજ ખાતેની મહર્ષિ ગુરૂકુલ સ્કુલમાં પાણી, ગટર, રસ્તા જેવી અનેક સમસ્યાઓથી આ શાળા ઘેરાયેલી છે. શાળામાં પાણી પણ ઓછા પ્રેશરથી આવતું હોવાથી સ્કુલ સતાવાળાઓને પાણીના ટેન્કર બહારથી મંગાવવાની નોબત ઊભી થઈ છે. બોરીજ ગામમાં જવાના રસ્તા પણ ખાડા- ટેકરાવાળા છે. સ્કુલની આસપાસ ગટરોના ઢાંકણા પણ નથી. ચોમાસાની સિઝન હોવાથી અહીંયા પાણી ભરાય છે.

જો કે સ્કુલનો વિદ્યાથી પડી જાય તો ઈજા થાય તેમ હોવાથી તંત્ર દ્વારા સત્વરે આ પ્રાણ પ્રશ્નોનો ઉકેલ આવે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

દેશના મશહૂર ફોટો આર્ટીસ્ટ સાદિક સૈયદ આજે ગાંધીનગરમાં

ફોટોગ્રાફીમાં રસ ધરાવતા નગરજનોને પોતાના અનુભવની રસલ્હાણ કરશે

ગાંધીનગર, તા. ૭

દેશના અનુભવી અને મશહૂર ફોટો આર્ટીસ્ટ સાદિક સૈયદ રવિવારે ગાંધીનગર આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં છેલ્લા ચારેક માસથી આલોક બ્રહ્મભટ્ટના નેતૃત્વમાં બૅરફૂટ ફોટો વૉર્કર્સ નામે ફોટોગ્રાફર્સનું એક જૂથ તૈયાર થયું છે, જે લોકોને ઉપયોગી એવા ફોટોગ્રાફસનું કલેક્શન કરે છે. આ ફોટોગ્રાફર્સમાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદના પણ મૅચ્યોર અને ઍમેચ્યોર ફોટોગ્રાફર્સનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં લગભગ પાંચ હજાર ફોટોગ્રાફસ બૅરફૂટ ફોટો વૉર્કર્સ દ્વારા કલેક્ટ કરવામાં આવ્યા છે, જે ઉપયોગી છે.

આ જ ફોટોગ્રાફર્સને ફોટોગ્રાફી અંગે માર્ગદર્શન આપવા, એમના ફોટોગ્રાફસને રિવ્યૂ કરવા અને વધુ સારા ફોટા કેવી રીતે કેપ્ચર કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવા માટે સાદિક સૈયદ ગાંધીનગર આવી રહ્યા છે. અલબત્ત, આ કાર્યક્રમ સૌ માટે ખુલ્લો છે અને ફોટોગ્રાફીમાં રસ ધરાવનાર કોઈપણ વ્યક્તિ આ કાર્યક્રમમાં જોડાઈ શકે છે, સાદિક સૈયદના અનુભવ અને માર્ગદર્શનનો લાભ લઈ શકે છે.

રવિવારે સાંજે ૪.૩૦ કલાકે પ્લૉટ નં. ૭૫/૧, સૅક્ટર-૨ એ ખાતે સાદિક સૈયદ નગરના ફોટોગ્રાફર્સને મળશે અને તેમની સાથે મુક્ત મને વાતો કરશે.

સાધુ પાસે શ્રદ્ધા લઈને જશો તો સફળતા લઈને પાછા ફરશો

રૂપિયાની નોટો ગણવામાં બરાબર એકાગ્રતા જળવાઈ રહેતી હોય છે, પણ પરમાત્માનું ધ્યાન ધરવામાં એવી એકાગ્રતા જળવાતી નથી

રાષ્ટ્રસંત આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે ચાતુર્માસ દરમ્યાન આયોજન કરેલ રવિવારીય શ્રેણીની પ્રથમ શૃંખલાના ભાગરૂપે ગત રવિવારે પરમાત્માની વાણી ફરમાવતાં જણાવ્યું હતું કે અનંત ઉપકારી, અનંત જ્ઞાની પરમાત્મા મહાવીર પ્રભુના શાસનમાં જન્મ પામવો એ પૂર્વજન્મના પુણ્ય વગર સંભવ નથી. અંતર જગતની યાત્રા એ આજનો વિષય છે. જગતની યાત્રા તો બહુ કરી, બહાર બહુ ભટક્યા અને જીવનનો અનંત કાળ વ્યતીત કર્યો છતાં હજુ પૂર્ણ વિરામની પ્રાપ્તિ થઈ નથી. પરમાત્માને પ્રાર્થના તો રોજ કરીએ છીએ કે હવે આ સંસારમાં પરિભ્રમણ કરવું નથી. શંકરાચાર્ય પરમાત્માને પ્રાર્થના કરે છે કે હજુ ક્યાં સુધી ભટકીશું ? વારંવાર જન્મ પ્રાપ્ત કરવો અને વારંવાર મૃત્યુ પામવું અને સમય વ્યતિત કર્યા કરવો એ પણ ક્યાં સુધી ? ક્યાં ક્યાંથી ભટકીને અહીં આવ્યા છીએ, કેટલી બધી યાતનાઓ સહન કરવી પડી છે ? અહીંયા અલ્પ વિશ્રામ છે, થોડો સમય મળ્યો છે એ જો હાથથી નીકળી ગયો તો પછી દુખોનો કોઈ પાર નહીં રહે. ગરમીના દિવસોમાં બે-પાંચ કિલો બરફથી શું થાય ? શ્વાસોચ્છવાસ દ્વારા તમે આયુષ્ય ભોગવી રહ્યા છો. એક દિવસ એવો આવશે કે એ પણ નહીં બચે. તમારા જીવનનું લક્ષ્ય નક્કી કરો. તમારે ક્યાં જવું છે ? તમે અત્યારે ક્યાં જઈ રહ્યા છો ? ખરેખર તો તમે ક્યાં જઈ રહ્યા છો એની તમને ખબર નથી. આવું જીવન તો પશુ પણ જીવે છે અને ચાલ્યા જાય છે. એવું જીવન જીવવાનો કોઈ અર્થ નથી. સુંદર ભવિષ્યનું નિર્માણ કરીને જાઓ. એવી સમાધિ પ્રાપ્ત કરો કે એ ભવિષ્યમાં સદગતિ આપનાર બની રહે. અંદરની ખોજમાં જાય એને જ કંઈક પ્રાપ્ત થાય. એવું કર્યા વગર છૂટકો નથી. આંતર ખોજ કરો. ભગવાને આંતરખોજમાં સત્યાવીસ ભવ કર્યા છે ત્યારે એ પૂર્ણ પદ પામ્યા છે. આત્મા અનંત શક્તિમય છે. પણ ક્યારેય તમે અંતરમાં ઝાંખી કરી નથી. બહારના વિચારોમાં જ ભટક્યા કરો છો. જગતની તો ઘણી યાત્રા કરી છે પણ ક્યારેય અંતરની યાત્રાની કોશિષ કરી જ નથી. એકવાર અંતરમાં ડોકિયું કરો. એના વૈભવ આગળ દુનિયાનો વૈભવ નકામો છે, ઝાંખો છે. દુનિયાના વૈભવની કોઈ કિંમત નથી. એ વાત સમજાઈ જશે. બહારનું ઉધાર લઈને ક્યાં સુધી આ જીવનની દુકાન ચલાવશો ? એક દિવસ એવો આવશે કે આ બધું છોડીને, દુખ અને વેદના સહન કરીને જતું રહેવું પડશે. જે પ્રાપ્ત કરવાનું છે એનાથી વંચિત રહી જાવ એવું ન બનવું જોઈએ. જીવનનું લક્ષ્ય નક્કી કરો, વિચારો બદલો, તમારા વિચારોને સાચી દિશા આપો. આત્મા તે જ પરમાત્મા છે એમ પરમાત્મા કહે છે. નિર્મળતા પ્રાપ્ત કરો. આત્મા ઉપર લાગેલો કર્મનો કાટ દૂર કરો. પાણીની લહેરોમાં પોતાનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાતું નથી. સ્થિર પાણીમાં જ પ્રતિબિંબ સ્વચ્છ દેખાય. મનમાં સ્થિરતા લાવવા માટે અલગ અલગ ભાવનાઓનું ચિંતન કરો. અનિત્ય ભાવના કરો. ચામડાની આંખથી દેખાતી બધી ચીજવસ્તુઓ નાશવંત છે. પરિગ્રહ તમારો નાશ કરવાવાળો છે, એ તમારા વિચારોને વિકૃત કરે છે. મનને સંન્યાસી બનાવો, મનમાં વૈરાગ્યની ભાવના લાવો. અંતર જગતમાં પ્રવેશ કરવા માટે પહેલા યોગ્યતા પ્રાપ્ત કરો. તમારા આચરણ દ્વારા અંતર જગતમાં પ્રવેશ કરો. તે માટે આચરણ બહુ મહત્ત્વનું છે. ઘણા લોકો સંસારમાં આવે છે અને જાય છે. સાધના કર્યા વગર જતા રહેશો તો એવા જીવનનું કોઈ મહત્ત્વ નથી. કલ્પના કરો કે તમે એક રેલવે સ્ટેશને ઊભા છો, બધા આવનજાવન કરે છે, દોડાદોડ કરે છે, ટ્રેનો આવે છે ને જાય છે, તમે કલ્પનામાં એવા ખોવાઈ જાવ છો અને માનો છો કે આખો સંસાર ફરે છે અને એક છલાંગ લગાવશો તો તમારું ઘર આવી જશે એવો તમને આભાસ થાય છે. જો આવી તમારી દશા હોય તો તમે નશામાં છો એમ સમજજો. સંસ્કારી પરિવારમાં તમારો જન્મ થયો છે પરંતુ તમે જે રસ્તે જઈ રહ્યા છો એ ખોટો છે. તમારી ભાવનાઓ ઉપર જ્યાં સુધી તમારો અધિકાર નહીં આવે ત્યાં સુધી અંતર જગતની યાત્રા શરૂ નહીં કરી શકો. બધું અંતરમાં છુપાયેલું પડ્યું છે. આત્મા જ રામ છે. એમાં રમણતા કરો તો રામ મળશે. આત્માનો ગુણ સ્થિર છે. લોભ એ રાવણ છે. તૃષ્ણા અને ઈચ્છા એ લંકાનગરી છે. ધર્મ માટે પ્રેમ એ હનુમાન છે. આખું રામાયણ તમારી અંદર પડેલું છે. અંદરથી શાંતિ અને સમતા ચાલી જશે તો આત્મા વિહ્વળ બની જશે અને ઘણી વિકૃતિ પેદા થશે. આત્માને સ્થિર બનાવી દો. તમે કદી એ તરફ ધ્યાન આપ્યું નથી.

અંદરની સમસ્યાનું સમાધાન બહાર ભટકવાથી નહીં મળે. ઘણા લોકો કહે છે કે મનમાં એકાગ્રતા આવી નથી. પણ સાચું કહીએ તો તમને રૂપિયાની નોટો ગણવામાં બરાબર એકાગ્રતા જળવાઈ રહેતી હોય છે. પણ પરમાત્માનું ધ્યાન ધરવામાં એવી એકાગ્રતા જળવાતી નથી. સાધુ પાસે શ્રધ્ધા લઈને જશો તો સફળતા લઈને પાછા ફરશો.

આત્માને પુષ્ટ કરવા માટે ધર્મક્રિયા કરો. પહેલાં પવિત્ર બનો, તે પછી પાત્રતા આવશે. પાત્રતા આવશે તે પછી પ્રાપ્તિ થશે. ઈન્દ્રિયો ઉપર સંયમ રાખો. આ જીવ અનંતકાળથી બંધનમાં ઘેરાયેલો છે. આખું જીવન કોઈ ને કોઈ પ્રકારના બંધનમાં ચાલી જાય છે. જગતને, પરિવારને, કર્મે એમ બધાને આધિન થઈને રહ્યા છો. હવે એ બધામાંથી બહાર નીકળવા જેવું છે. મોતનો શિકાર ના બનો, પણ મોતનો શિકાર તમે કરો એવી યોગ્યતા પ્રાપ્ત કરો. તમારા જીવનને પાપોથી મુક્ત કરવાનો પ્રયાસ કરો. સંસારી બનીને રહ્યા છો એટલે બધી છૂટ મળે છે એવું ન માનો. કંઈક ને કંઈક નિયમ લો. એ દ્વારા સાધુ જેવું જીવન જીવો. સંસારમાં રહો પણ સંન્યાસી બનીને. મનને સંન્યાસી બનાવો. વિચારોમાં પરમ શક્તિ નથી, વિચારોમાં વૈભવ છે, વાત્સલ્ય છે, કરૂણા છે. એ બધું અંદર છૂપાયેલું પડ્યું છે. સંસારની ક્રિયા પણ ઘણીવાર વૈરાગ્ય આપવાવાળી હોય છે. તમારી દૃષ્ટિ જોઈએ. નિયમ એ તમારો સિકયોરિટી ગાર્ડ છે, એમાં પ્રામાણિકતા અને વફાદારી રાખો તો પરમાત્માની નજીક પહોંચી શકશો.

આત્મા-પરમાત્માની વાતો તો બહુ કરો છો, પણ આચરણમાં જોઈએ તેટલું આવતું નથી. શબ્દોથી નહીં પણ તમારા આચરણથી તમારો પરિચય મળે એવું કરો. પરમાત્માના શબ્દોમાં બહુ આકર્ષણ છે, એની ઊંડાઈમાં જશો તો સાચાં રત્નો મળશે. તમારા આત્માનો પરિચય શું છે એ અંગે વિચાર કરો. તમારામાં સાચી તરસ હશે તો સાધુને પણ પ્રવચન આપવાની મજા આવશે અને સાધુને પણ એ બહાને કર્મ નિર્જરા થશે.

અંતર યાત્રા એ અદ્‌ભૂત માર્ગદર્શન આપે છે. એ માટે ચાતુર્માસની શરૂઆત થઈ છે. એ આપણા આત્માની કમાણી માટે શ્રેષ્ઠ સમય છે. આત્માના ગુણોની પ્રાપ્તિ માટે ચાતુર્માસ એ શ્રેષ્ઠ સીઝન છે. સારા નિયમો ગ્રહણ કરીને પાપોનો ત્યાગ કરીને અંતર જગતમાં પ્રવેશ કરો. ભગવાનના શાસકનો એક નાનકડો નિયમ પણ તમે પાર ઉતારી દે એટલી એમાં તાકાત છે.

તમારા ભવિષ્યને સુરક્ષિત કરવા માટે ધર્મની આરાધના કરવી ખૂબ જરૂરી છે. આ ભવમાં એવી રીતે જીવો કે ફરી કોઈ ભવમાં ફરવું ના પડે.આજના બાહ્ય નુકસાનકારક એવા વ્યસનો કરવાને બદલે ગુરુવાણી શ્રવણનું વ્યસન કરશો તો ઘણો જ લાભ થશે એમાં શંકાને સ્થાન નથી.

- સંકલન : ચૈતન્ય પરીખ